શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં નકારાત્મક.
યાદી મંજૂર કરવા બાબત

**ગુજરાત સરકાર**
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : વીબીવાય/૧૦૨૦૧૬/૩૫૫(૨૨૪૨૫૦)/ખ૧
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
**તા.૦૬/૦૫/૨૦૧૬**

**વંચાણે લીધા :**

૧. ઉદ્યોગ ખાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસએસઆઈ-૧૦૨૦૦૭-૯૩૭-ખ૧, તા.૩૦/૦૭/૨૦૧૫.
૨. કુટિર અને ગ્રામોધોગ નીતિ ૨૦૧૬
૩. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગ, ગાંધીનગરનો તા. ૦૫/૦૪/૨૦૧૬ નો પત્ર ક્રમાંક: બેંકેબલ/૦૨/છ/૩૪૬/૧૬

**પ્રસ્તાવના :**

સંદર્ભ ૧ ના ઠરાવથી શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં નવી પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ મંજૂર કરવાની સત્તા જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને આપેલ હતી. સંદર્ભ ૨ થી કુટિર અને ગ્રામોધોગ નીતિ-૨૦૧૬ અન્વયે શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી ધંધા/વ્યવસાય, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર હેઠળની ૩૯૫ પ્રોફાઈલ્સ રદ કરી તેના સ્થાને સ્વરોજગારીની તકો વધારવા માટે નકારાત્મક પ્રવૃત્તિઓની યાદી સિવાય તમામ ઉપયોગી પ્રોજેક્ટ/પ્રવૃત્તિઓ ધિરાણ/સહાય માટે પાત્રતા ધરાવશે. સંદર્ભ ૩ કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગ દ્વારા કરવામાં આવેલ દરખાસ્તથી શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં નકારાત્મક યાદી મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં વેપાર/ઉદ્યોગ/સેવા ક્ષેત્ર હેઠળ ધિરાણ અને સહાય મેળવવા માટે નીચે મુજબ "નેગેટીવ લીસ્ટ" (નકારાત્મક યાદી) એટલે કે નાણાંકીય ધિરાણ/સહાય મેળવવાને પાત્ર ન હોય તેવી પ્રવૃત્તિઓ તૈયાર કરવામાં આવેલ છે.

**(ક) માંસ (પ્રક્રિયા કરવી,ડબ્બામાં ભરવું અને/અથવા વેચવું કે પીરસવું) અને નશાકારક ચીજ વસ્તુઓ (ઉત્પાદન/સંગ્રહ/વેચાણ)**

**(ખ) પાકો/વાવેતરની ખેતી, મત્સ્ય પાલન, ડુક્કર ઉછેર કેન્દ્ર વગેરે.**

**(ગ) પર્યાવરણ સંબંધી સમસ્યાઓ ઉભી કરે તેવી અથવા કાયદા દ્વારા પ્રતિબંધિત કોઇ પણ પરિયોજના**

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર વિભાગના સચિવશ્રી(કુટિર ઉદ્યોગ)ની તા.૦૪/૦૫/૨૦૧૬થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

(એ. બી. મુનિ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

19/5/16

પ્રતિ,
૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના નાયબ સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
૨ માનનીય મંત્રીશ્રી (કુ.ઉ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

T. 2

Scanned with CamScanner

૩ માનનીય રા.ક.મંત્રીશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪ અધિક મુખ્ય સચિવશ્રી, (ઉ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫ સચિવશ્રી (કુ.ઉ.) ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬ કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર
૭ એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૮ હિસાબી અને તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ
૯ સર્વે જિલ્લા ઉદ્યોગં કેન્દ્રો (કમિશનરશ્રી, કુટિર અને ગ્રાંમોદ્યોગની કચેરી મારફત)
૧૦ કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે.)
૧૧ પસંદગી ફાઇલ

Scanned with CamScanner